email: citypulse@gujaratmitra.in

CITY pulse

ગુજરાતમિત્ર

શુક્રવાર ૧૩ માર્ચ, ૨૦૨૬



ઠંડા ઠંડા...કૂલ કૂલ...

સયાજીબાગના અબોલ પશુ-પક્ષીઓ માટે 'સ્પેશિયલ અરેન્જમેન્ટ',

ઠંડક માટે ખાસ ડાયેટ પ્લાન અને કુલિંગ સિસ્ટમ

રાજ્યભરમાં ઉનાળાનો પારો સતત વધી રહ્યો છે, ત્યારે કાળઝાળ ગરમીથી માત્ર મનુષ્યો જ નહીં, પરંતુ અબોલ પશુ-પક્ષીઓ પણ ત્રસ્ત બન્યા છે. વડોદરાના ઐતિહાસિક સયાજીબાગ પ્રાણી સંગ્રહાલયમાં રહેતા વન્યજીવોને ગરમીથી રાહત આપવા અને તેઓને લૂ થી બચાવવા માટે ઝૂ મેનેજમેન્ટ દ્વારા વિશેષ અને આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. પ્રાણી સંગ્રહાલયના તંત્ર દ્વારા પક્ષીઓના પાંજરા પર ખાસ પ્રકારના ઘાસપુરા અને લીલા કલરની નેટ (Net) બાંધી દેવામાં આવી છે. આ વ્યવસ્થાને કારણે સૂર્યના સીધા કિરણો પક્ષીઓ પર પડતા નથી, જેનાથી પાંજરાની અંદરનું તાપમાન જળવાઈ રહે છે અને પક્ષીઓ બીમાર પડતા અટકે છે.

સ્પેશિયલ સમર ડાયેટ: ગરમીમાં ઠંડક આપે તેવો ખોરાક

પ્રાણીઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને તેમના ખોરાકમાં પણ મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. ફળો અને શાકભાજી: પક્ષીઓ અને અન્ય પ્રાણીઓને ગરમીમાં રાહત મળે તેવા જલીય ફળો અને ઠંડક આપતો ખોરાક પીરસવામાં આવી રહ્યો છે.

ભવિષ્યનું આયોજન: ફુવારા અને વધુ સુવિધાઓ

વડોદરા મહાનગરપાલિકા દ્વારા જણાવ્યા અનુસાર, જો આગામી દિવસોમાં ગરમીનો પારો હજુ વધશે તો વધારાની તૈયારીઓ પણ કરી લેવામાં આવી છે. જેમાં ખાસ કરીને પશુ-પક્ષીઓના પિંજરા પાસે 'વોટર ફોગર્સ' પાણીના ઝીણા ફુવારા લગાવવાની યોજના છે. આ સિસ્ટમ કાર્યરત થવાથી પિંજરાનું તાપમાન નોંધપાત્ર રીતે ઘટશે.



પિંજરામાં પાણીનો છંટકાવ અને 'ગ્રીન નેટ'નું સુરક્ષા કવચ

ઝૂ વિભાગ દ્વારા પ્રાણીઓના પિંજરા પાસે ઠંડક જળવાઈ રહે તે માટે દિવસમાં ચાર વખત પાણીનો છંટકાવ કરવામાં આવે છે. સવારે બે વાર અને બપોરે બે વાર પાણી છાંટીને તાપમાન નીચું લાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ ઉપરાંત, સખત તડકાથી બચાવવા માટે પિંજરાઓની આસપાસ ગ્રીન નેટ લગાડવામાં આવી છે અને કેટલાક પક્ષીઓના પાંજરા પર ઘાસના છાપરા તૈયાર કરવામાં આવ્યા છે, જેથી કુદરતી ઠંડક મળી રહે.

ડોક્ટરોની ટીમ એલર્ટ મોડ પર

સયાજીબાગ ઝૂના વેટરનરી ડોક્ટરોની ટીમ ચોવીસ કલાક કાર્યરત છે. પ્રાણીઓના વર્તનમાં આવતા ફેરફારો પર નજર રાખવામાં આવી રહી છે. ગરમીને કારણે પ્રાણીઓ તણાવમાં ન આવે તે માટે તેમને પૂરતા પ્રમાણમાં પીવાનું શુદ્ધ અને ઠંડું પાણી મળી રહે તેવી વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરવામાં આવી છે.આમ, વડોદરાના સયાજીબાગમાં માનવીની જેમ જ અબોલ જીવોની સંભાળ માટે તંત્રએ 'કુલિંગ માસ્ટર પ્લાન' અમલમાં મૂક્યો છે, જે મુલાકાતીઓમાં પણ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

મેડિકલ કેર

પ્રાણીઓના ડોક્ટર્સ દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. ગરમી સામે લડવા માટે પાણીમાં ઈલેક્ટ્રોલાઈટ્સ અને જરૂરી વિટામિન્સ પણ ઉમેરવામાં આવે છે જેથી ડિહાઈડ્રેશનની સમસ્યા ન સર્જાય.

લેન્સમાં કંડારેલું જીવન

નિવૃત્તિ પછી મનીલાલ પટેલને લાગ્યો ફોટોગ્રાફીનો શોખ



સરકારી નોકરીથી નિવૃત્તિ બાદ કેમેરા બન્યો સાથી, પ્રકૃતિ અને લોકજીવનને તસવીરોમાં જીવંત બનાવતી અનોખી સફર શરૂ થઇ. જીવનમાં ઘણી વાર એવું બનતું હોય છે કે નોકરીની વ્યસ્તતા વચ્ચે પોતાના શોખને સમય આપવો મુશ્કેલ બની જાય. પરંતુ જ્યારે એ જ શોખ નિવૃત્તિ પછી જીવનને નવી દિશા આપે ત્યારે તે માત્ર શોખ રહેતો નથી, પરંતુ એક સર્જનાત્મક યાત્રા બની જાય છે. આવી જ પ્રેરણાદાયી કહાની છે ફોટોગ્રાફર મનીલાલ પટેલની, જેમણે નિવૃત્તિ બાદ પોતાના શોખને નવી ઊંચાઈ આપી છે. મહેસાણા જિલ્લાના ચાણસ્મા તાલુકાના મેરવાડા ગામે જન્મેલા મનીલાલ પટેલનું બાળપણ અમદાવાદમાં વિત્યું. તેમના પિતા અમદાવાદની કાપડ મિલમાં નોકરી કરતા હતા, જેના કારણે તેમના જીવનની શરૂઆત શહેરના વાતાવરણમાં થઈ.

1982માં શરૂ થયેલી ફોટોગ્રાફીની સફર

મનીલાલ પટેલે વર્ષ ૧૯૮૨માં કેનન QL-17 રોલ કેમેરાથી ફોટોગ્રાફીની શરૂઆત કરી હતી. તે સમય ડિજિટલ કેમેરાનો નહોતો અને દરેક ફોટો કાળજીપૂર્વક લેવા પડતો. આ પ્રક્રિયાએ તેમની નજરને વધુ સંવેદનશીલ બનાવી અને ફોટોગ્રાફી પ્રત્યેનો પ્રેમ વધતો ગયો. પછી તેઓ ગુજરાત સરકારના ખેતીવાડી વિભાગમાં ડ્રાફ્ટ્સમેન તરીકે જોડાયા. કચ્છ, રાજકોટ, અમદાવાદ અને ગાંધીનગર સહિત અનેક જગ્યાએ ફરજ બજાવતા તેમણે વર્ષ ૨૦૧૩માં નિવૃત્તિ લીધી. સરકારી ફરજ દરમ્યાન પણ ફોટોગ્રાફી પ્રત્યેનો તેમનો લગાવ યથાવત રહ્યો. તેમણે ફોટો અને વિડિયો પ્રોડક્શન ટેકનોલોજી અંગે રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરના તાલીમ કાર્યક્રમોમાં ભાગ લીધો. ઉપરાંત કૃષિ મહોત્સવ જેવા વિવિધ સરકારી કાર્યક્રમોમાં પણ ફોટોગ્રાફી કરવાનો અવસર મળ્યો.

પ્રકૃતિ અને લોકજીવનની ઝાંખી

મનીલાલ પટેલની તસવીરોમાં માત્ર દૃશ્યો નહીં પરંતુ ભાવનાઓ પણ ઝળહળે છે. તેઓ વન્યજીવનના નાજુક પળોને કેમેરામાં કેદ કરે છે તો ક્યારેક ગ્રામ્ય જીવનની સાદગી અને લોકજીવનની રંગીનતા પણ દર્શાવે છે. તેમની ૩૦થી વધુ તસવીરો વિવિધ ફોટોગ્રાફી એક્ઝિબિશનમાં પ્રદર્શિત થઈ ચૂકી છે.

એક્ઝિબિશનમાં પ્રદર્શિત થયેલી કૃતિઓ

મનીલાલ પટેલની કેટલીક મનપસંદ તસવીરો તાજેતરમાં વડોદરા શહેરના જેતલપુર રોડ પર આવેલ પી.એન. ગાળગિલ એક્ઝિબિશન હોલમાં પ્રદર્શિત કરવામાં આવી છે. આ પ્રદર્શનમાં પ્રકૃતિ, હેરિટેજ અને માનવ જીવનના વિવિધ રંગોને દર્શાવતી તસવીરો દર્શકોને આકર્ષિત કરી રહી છે.

સરળ ટેસ્ટ કિડનીને બચાવી શકે છે

વર્લ્ડ કિડની ડે વિશેષ

આપણી કિડની શરીરની સૌથી મહેનતી અને મહત્વપૂર્ણ અંગોમાંથી એક છે. તે દિવસના 24 કલાક સતત કાર્યરત રહીને શરીરને સ્વસ્થ રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કિડની દરરોજ લગભગ 180 લીટર લોહી ફિલ્ટર કરીને શરીરમાંથી ઝેરી પદાર્થો બહાર કાઢે છે, બ્લડ પ્રેશરને નિયંત્રિત રાખે છે અને શરીરમાં પાણી તથા મિનરલનું સંતુલન જાળવે છે. પરંતુ દુર્ભાગ્યે, મોટાભાગના લોકો કિડનીની કાળજી ત્યારે જ લે છે જ્યારે તેમાં સમસ્યા ઊભી થાય છે. કિડનીના ઘણા રોગો શરૂઆતમાં કોઈ ખાસ લક્ષણ આપતા નથી, તેથી તેને ઘણી વખત "સાયલન્ટ ડિસીઝ" તરીકે ઓળખવામાં આવે છે. કિડનીના સ્વાસ્થ્યને જાળવવા માટે કેટલીક સરળ જીવનશૈલીની ટેવો ખૂબ જ અસરકારક સાબિત થાય છે.

વર્લ્ડ કિડની ડે: જાગૃતિનો સંદેશ

દર વર્ષે માર્ચ મહિનાના બીજા ગુરુવારે સમગ્ર વિશ્વમાં વર્લ્ડ કિડની ડે ઉજવવામાં આવે છે. 2026 માટેની થીમ છે "Kidney Health for All - Caring for People, Protecting the Planet." આ દિવસનો મુખ્ય હેતુ કિડનીના રોગો વિશે સમાજમાં જાગૃતિ ફેલાવવાનો અને લોકોને સમયસર તપાસ માટે પ્રોત્સાહિત કરવાનો છે. આજના સમયમાં કિડનીના રોગો ઝડપથી વધી રહ્યા છે. વિશ્વના આંકડા ચિંતાજનક છે. વિશ્વમાં લગભગ દર 10 માંથી 1 વ્યક્તિ કિડનીના રોગથી પીડાય છે દુનિયામાં લગભગ 80 કરોડ લોકો કિડનીના રોગ સાથે જીવી રહ્યા છે ભારતમાં અંદાજે 13 કરોડથી વધુ લોકો કિડનીના રોગના કોઈને કોઈ તબક્કાથી પ્રભાવિત હોઈ શકે છે ભારતમાં કિડનીના રોગના મુખ્ય કારણોમાં ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, ઇન્ફેક્શન અને પેઈનકિલર દવાઓનો વધુ ઉપયોગ સામેલ છે.

ડૉ. હરેશ ઠુમ્મર

એક દર્દીની ઘટના - એક મોટી શીખ

મારી પ્રેક્ટિસ દરમિયાન એક ઘટના મને આજે પણ યાદ છે. લગભગ 45 વર્ષના એક વેપારી ફક્ત પગમાં થોડો સોજો લઈને ક્લિનિકમાં આવ્યા હતા. તેમને ઘણા વર્ષોથી ડાયાબિટીસ હતી, પરંતુ તેમણે ક્યારેય કિડનીની તપાસ કરાવી નહોતી, કારણ કે તેમને કોઈ ખાસ તકલીફ નહોતી. જ્યારે તપાસ કરવામાં આવી ત્યારે જાણવા મળ્યું કે તેમની કિડની ગંભીર રીતે અસરગ્રસ્ત થઈ ગઈ હતી અને થોડા સમયમાં તેમને નિયમિત ડાયાલિસિસ શરૂ કરવું પડ્યું. તે સમયે તેમણે મને એક વાત કહી હતી "ડોક્ટર, જો મને પહેલા કોઈએ કહ્યું હોત કે એક સરળ ટેસ્ટ મને આ સ્થિતિથી બચાવી શકે, તો હું ચોક્કસ કરાવત." આ ઘટના આપણને યાદ અપાવે છે કે સમયસર તપાસ કરાવવાથી બીમારીને અટકાવી શકાય છે.